

## વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

### આર ટી ઇ અન્વયે જિલ્લાની પ્રા. શાળાઓમાં ૪૪૫૬ વિદ્યાર્થીઓને પ્રવેશ

ગાંધીનગર શહેર અને જિલ્લામાં કેટલા બાળકોને આર ટી ઈ હેઠળ પ્રવેશ આપવામાં આવ્યો આ અંગે શિક્ષણમંત્રી આપેલા લેખિત જવાબમાં જણાવાયા મુજબ વર્ષ ૨૦૧૭ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં ૧૯૦૭ અને જુન ૨૦૧૮માં ૨૫૪૯ બાળકોને આર ટી ઈ અન્વયે પ્રવેશ આપવામાં આવ્યો છે. જયારે જિલ્લામાં આર ટી ઈ એકટ હેઠળ ફાળવેલી તમામ બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળા દ્વારા પ્રવેશ આપવામાં આવ્યો હોવાથી શાળાઓ સામે પગલા લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### ગૌચરની જમીનમાંથી ૬૫.૨૯.૬૩ હે આરે ગેરકાયદેસર દબાણ દુર કરાયુ

ગાંધીનગર જિલ્લામાં ગૌચરની જમીનમાં ૯૫.૩૧.૫૦ હે આરે પ્ર ગેરકાયદેસર દબાણ હતુ જયારે ગત તા ૩૧ મેં વર્ષ ૨૦૧૯ ની સ્થિતિ એ ૬૫.૨૯.૬૩ હે આરે. ગેરકાયદેસર દબાણ દુર કરવામાં આવ્યુ છે. જયારે ગૌચરના દબાણો દુર કરવા માટે તાલુકા વિકાસ અધિકારી તેમજ તલાટી કમમંત્રીની બેઠકમાં સમીક્ષા કરવામાં આવે છે.જિલ્લા તાલુકા વિકાસ અધિકારીની માસિક બેઠક દરમિયાન પણ સમીક્ષા કરવામાં આવે છે.ગ્રામ પંચાયત કક્ષાએથી આ દબાણ દુર કરવાનુ મુશ્કેલ જણાંય તો તાલુકા વિકાસ અધિકારીને જાણ કરવામાં આવે છે.

### જિલ્લામાં કાર્યરત ૧૧૨ આંગણવાડી કેન્દ્રોને પોતાના મકાનો નથી

ગાંધીનગર જિલ્લામાં ભાડાના મકાનમાં ચાલતી ૧૪૪ આંગણવાડીઓ પૈકી કેટલી આંગણવાડીઓને ભાડાના મકાનો બાંધવામાં આવ્યા આ અંગે રજુ થયેલા પ્રશ્નના જવાબમાં જણાંવ્યા મુજબ ગાંધીનગર જિલ્લામાં ૩૨ આંગણવાડીઓના પોતાના મકાનો બાંધવામાં આવ્યા છે. જયારે હાલની સ્થિતિએ જિલ્લાની ૧૧૨ આંગણવાડીઓને પોતાના મકાનો નથી. જયારે બાકી રહેતા આંગણવાડી કેન્દ્રોના તબક્કાવાર મકાનો બનાવામાં આવશે.

### જિલ્લાની ૯૧ પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોના મહેકમનુ વેરિફીકેશ કરાયુ

પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોનુ સેટઅપ મંજુર કરવા માટે જિલ્લા શિક્ષણ સમિતિ પાસેથી શાળાવાર વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે મળવાપાત્ર મહેકમની વિગતો મંગાવામાં આવે છે જયારે મંજુર મહેકમ થયા બાદ જિલ્લામાં બે વર્ષમાં કેટલી શાળાઓમાં શિક્ષકોનુ મહેકમ વેરિફીકેશન કરવામાં આવ્યુ તેના પ્રશ્નના જવાબમાં જણાવાયા મુજબ છેલ્લા બે વર્ષ દરમિયાન જિલ્લાની ૯૧ શાળાઓમાં શિક્ષકોના મહેકમનુ વેરિફીકેશન કરવામાં આવ્યુ છે. જયારે શિક્ષકોની ઘટને અનુલક્ષીને દરવર્ષે કરવામાં આવતા વધઘટ બદલીના કેમ્પમાં ખાલી જગ્યાવાળી શાળામાં સમાવામાં આવે છે. જયારે વધના શિક્ષકોને ઘટવાળી શાળામાં સમાવવામાં આવે છે.

### ગૌ શાળાને અદ્યતન બનાવવા માટે ૧૦ સંસ્થાઓને સહાય

રાજય સરકાર દ્વારા રાજયમાં ગૌશાળાઓને અદ્યતન બનાવવા

● અનુસંધાન પાન-૭ પર

# પેટા-ચૂંટણીમાં ભાજપના પ્રણવ પટેલનો ભવ્ય વિજય

**ભાજપે ૬૪૮ મતની સરસાઈથી બેઠક પર કબ્જો જમાવ્યો : નોટામાં ૯૧ મત પડ્યા : એન.સી.પી. અને અપક્ષ ઉમેદવારની ડિપોઝીટ ગઈ**





ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મહાનગર પાલિકાની પ્રથમ પેટા-ચૂંટણીનો જંગ ભાજપના ઉમેદવાર પ્રણવ પટેલે ૬૪૮ મતની જંગી સરસાઈથી જીતી લીધો છે.

આ પેટા-ચૂંટણીમાં ભાજપના વિજય સાથે ભાજપના કાઉન્સીલરોની સંખ્યા વધીને ૧૭ થઈ છે જયારે કોંગ્રેસની સંખ્યા ૧૫ થઈ છે. પૂર્વ મેયર પ્રવિણ પટેલે રાજીનામુ આપતાં આ પેટા-ચૂંટણી યોજાઈ હતી.

આજે ગાંધીનગર આર્ટસ કોલેજ ખાતે સવારે નવ વાગે શરૂ થયેલ મતગણતરીમાં પ્રથમ રાઉન્ડથી જ ભાજપે સરસાઈ પ્રાપ્ત કરી લીધી હતી તેમાં છેલ્લા રાઉન્ડમાં ૩૦૦ મતની જંગી સરસાઈ પ્રાપ્ત કરી ૬૪૮ મતે ભવ્ય વિજય પ્રાપ્ત કર્યો હતો.

મતગણતરી પૂરી થતાં જ કોલેજનું મેદાન ઢોલ-નગારાની સાથે ભારત માતાકી જયના જયઘોષ સાથે ગુંજી ઉઠ્યું હતું. આજના આ પરિણામને લઈ રાજકીય ઉત્તેજનાઓ જે છવાઈ હતી તેનો પણ અંત આવ્યો છે.



૫૩૧૩ મતદારોએ મતદાન કર્યુ હતુ. જેમાં ભાજપના ઉમેદવાર પ્રણવ પટેલને ૨૮૪૩ મત મળ્યા હતા. કોંગ્રેસના ઉમેદવાર મિત્તુલ જોશીને ૨૧૯૫ મત મળ્યા હતા. આ પેટા-ચૂંટણીમાં પ્રથમવાર ઝુકાવનાર એન.સી.પી.ના ઉમેદવાર અમરસિંહ ચૌહાણને ૧૨૫ મત મળ્યા હતા તો અપક્ષ ઉમેદવાર હસમુખભાઈને ૫૯ મત મળ્યા હતા.

નોટામાં ૯૧ મત પડ્યા હતા. પ્રથમ રાઉન્ડમાં ત્રીસ મત નોટાને મળતાં રાજકીય ઉત્તેજના વધતી જોવા મળી હતી જોકે આ પછી તેમાં ઘટાડો થયો હતો.

મતગણતરીના પ્રથમ રાઉન્ડમાં ભાજપને ૧૪૩ મતની સરસાઈ પ્રાપ્ત થઈ હતી. તો બીજા રાઉન્ડમાં કોંગ્રેસને ૫૨ મતની સરસાઈ મળી હતી પરંતુ ત્રીજા રાઉન્ડમાં ભાજપે પુનઃ ૫૨ મતની સરસાઈ પ્રાપ્ત કરતાં ત્રીજા રાઉન્ડને અંતે ભાજપની સરસાઈ ૧૪૩ મત જ રહી હતી.

જોકે ચોથા રાઉન્ડમાં ભાજપે ૨૦૦ મતની અને છેલ્લા રાઉન્ડમાં ૩૦૦ મતથી વધુની સરસાઈ પ્રાપ્ત કરતાં આ બે રાઉન્ડે જ પરિણામને એક તરફી બનાવી અને ભાજપનો ભવ્ય વિજય થયો હતો.

આ ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસ સિવાયના બન્ને ઉમેદવારોની ડિપોઝીટ જપ્ત થવા પામી છે. ગઈ તારીખ ૨૧ જુલાઈના રોજ આ ચૂંટણીનું મતદાન યોજાયું હતું. ૨૮.૭૫ ટકા જેટલુ નિરસ મતદાન નોંધાતા સૌ આગેવાનો સ્તબ્ધ થઈ ગયા હતા.

## સે. ૧૯, ૨૧, ૨૨ અને ૩૦માં ભાજપની અને સે. ૨૦માં કોંગ્રેસની સરસાઈ

**૧૦ બુથમાં કોંગ્રેસની સરસાઈ વિજયમાં પરિવર્તીત ના થઈ શકી : સે. ૨૦માં કોંગ્રેસને ૫૨ મતની સરસાઈ તો સે. ૨૧માં ભાજપને ૫૨ મતની સરસાઈ મળી**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મહાનગરપાલિકાની પ્રથમ પેટા-ચૂંટણીની આજે થયેલી મતગણતરીમાં કોંગ્રેસના ઉમેદવાર મિત્તુલ જોશીએ ૧૦ બુથમાં ભાજપના ઉમેદવાર પ્રણવ પટેલ પર સરસાઈ મેળવી હતી પરંતુ તે સરસાઈ પરિણામ પલ્ટાવવા સાબિત થઈ નથી,




આજે મતગણતરીમાં સે. ૧૯માં ૧૪૩ મતની સરસાઈ ભાજપે મેળવી હતી. જો કે સે. ૨૦માં કોંગ્રેસે ભાજપ પર બાવન મતની સરસાઈ પ્રાપ્ત કરી હતી. જયારે સેકટર-૨૧માં ભાજપે કોંગ્રેસ પર બાવન મતની સરસાઈ પ્રાપ્ત કરતાં ભાજપની સરસાઈ ૧૪૩ મતની યથાવત રહી હતી.

સે. ૨૨ એ બન્ને ઉમેદવારનું હોમગ્રાઉન્ડ હતુ. અહિ ભાજપે કોંગ્રેસ પર ૨૬૦ મતની સરસાઈ પ્રાપ્ત કરતાં વિજય નિશ્ચિત બની ગયો હતો. સેક્ટર-૩૦માં ભાજપે કોંગ્રેસ પર ૨૪૫ મતની સરસાઈ પ્રાપ્ત કરી હતી.

ભાજપે આમ ૬૪૮ મતની સરસાઈ સાથે આ જંગમાં ભવ્ય વિજય પ્રાપ્ત કર્યો હતો.

પરિણામ જાહેર થયા બાદ કોંગ્રેસના ઉમેદવાર મિત્તુલ જોશીએ જણાવ્યુ હતુ કે જનાદેશમાં પ્રમનો જે પ્રસાદ મને મતદારોએ આપ્યો છે તેનો હું સહર્ષ સ્વીકાર કરૂ છુ. મારી લડત વિચારધારાની હતી અને છે તેમજ આગામી દિવસોમાં પણ આટલી જ મક્કમતાથી તે લડતો રહીશ.

ભાજપના પ્રણવ પટેલે કહ્યુ હતુ કે આ મારો વિજય એ મોદી સાહેબ, વાઘાણી સાહેબ, રૂપાણી સાહેબના નેતૃત્વમાં પ્રજાએ મુકેલા વિશ્વાસનો વિજય છે. આ વિજય વિકાસની નીતિનો વિજય છે. મારા આ વિજય ભાજપ દ્વારા નગરના વિકાસને નવી ગતિ આપવા માટે નિમિત્ત બનશે તેનો મને આનંદ છે.



હવે તો પધારો... - મેઘરાજાના રિસામણાં હવે સહન થતા નથી... બફારો અસહ્ય બનતો જાય છે... પાણીનો કકળાટ વધતો જાય છે... ઝાડ-પાન સુકાઈ રહ્યા છે... ખેતરોમાં પાક નમી રહ્યો છે... ખેડૂત ચિંતાતુર છે... અબોલ પશુ-પક્ષીઓને વરસાદનો વિરહ સતાવે છે...

# જૂનાગઢ મનપામાં ભાજપનો ભગવો

અમદાવાદ, તા.૨૩

જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનની આજરોજ યોજાયેલી ચૂંટણમાં ભાજપે જાણે કે, તેનું ૩૬ બેઠકો મળી હતી અને કોંગ્રેસના ફાળે સાત બેઠકો આવી હતી. આમ, જિલ્લા-તાલુકા પંચાયતમાં પણ ભાજપનું કમળ ખીલી ગયુ હતુ. કોંગ્રેસનું અસ્તિત્વ સમ ખાવા પૂરતું ટકયુ હતું. ઉલ્લેખનીય છે કે, એક બેઠકની ચૂંટણી મુલતવી રહી છે. આજે વિપક્ષ નેતા સતિષચંદ્ર વધારો થયો અને ૫૪ પર પહોંચી છે. જ્યારે કોંગ્રેસ પાસે ૧૫ બેઠક હતી, જે ઘટીને માત્ર એક રહી ગઈ છે. જ્યારે એનસીપી પાસે જે વધીને પાંચ થઈ છે અને કોંગ્રેસ ચાર બેઠકથી ઘટીને ઝીરો પર આવી ગઈ છે.

**કોંગ્રેસનો કચ્ચરઘાણ : ભાજપને ૫૪, એનસીપીને ચાર, કોંગ્રેસને એક બેઠક : જૂનાગઢ જિલ્લા પંચાયત પેટાચૂંટણીમાં તમામ પાંચ બેઠકો ભાજપે મેળવી : તાલુકા પંચાયતમાં ભાજપને ૩૬ બેઠકો**

બુલડોઝર ફેરવી નાંખ્યું હતુ અને કોંગ્રેસ સહિતના રાજકીય પક્ષોના સૂપડા જોરદાર રીતે સાફ કરી નાંખ્યા છે. જૂનાગઢ મનપાની કુલ ૬૦ બેઠકો પૈકી ૫૯ બેઠકોની યોજાયેલી ચૂંટણીમાં આજે ૫૪ બેઠકો પર ભાજપે તેનો ભગવો લહેરાવ્યો હતો, જયારે એનસીપીને માત્ર ચાર બેઠક હાથ લાગી હતી અને કોંગ્રેસને તો વળી સમ ખાવા પૂરતી માત્ર એક જ બેઠક પ્રાપ્ત થઈ હતી. આ સિવાય જૂનાગઢ જિલ્લા પંચાયતની પાંચ બેઠકોની પેટાચૂંટણીમાં તમામ પાંચેય બેઠકો ભાજપે કબ્જે કરી લીધી હતી. જયારે તાલુકા પંચાયતની ૪૬ બેઠકોની પેટાચૂંટણીમાં ભાજપને જૂનાગઢના સ્થાનિક રાજકારણમાં ભાજપે વધુ એક સિધ્ધિ સાથે જૂનાગઢ મનપામાં બહુમતી મેળવી લીધી હતી. જૂનાગઢ મનપાની કુલ ૬૦ બેઠકમાં ૫૯ સીટ પર યોજાયેલી ચૂંટણીમાં ભાજપે ૫૪ સીટ પર જીત મેળવી હતી, જ્યારે એનસીપીને ૪ અને કોંગ્રેસને સમ ખાવા પૂરતી માંડ એક બેઠક મળી હતી. આમ જૂનાગઢ મનપાને કોંગ્રેસમુક્ત કરવામાં એક સીટ નડી ગઈ હતી. જ્યારે કોંગ્રેસ કરતા એનસીપીને ચાર ગણી વધુ બેઠક મળી હતી. વોર્ડ નં.૪માં કોંગ્રેસના મહિલા ઉમેદવાર મંજુલાબેનનો વિજય થતા કોંગ્રેસને એક બેઠક મેળવવામાં સફળતા મળતાં વીરડાની પેનલની હાર થતા તેમણે જણાવ્યું હતું કે, જૂનાગઢની પ્રજા વિકાસ ઈચ્છતી નથી. ગત ચૂંટણીમાં જૂનાગઢ મનપાની ચૂંટણીમાં ભાજપને ૪૪ બેઠક મળી હતી. પરંતુ આ ચૂંટણીમાં ૧૦ બેઠકોનો એકપણ બેઠક નહોતી, જે ૪ થઈ ગઈ છે. એટલે કે, એનસીપીએ ઘણો સારો દેખાવ કર્યો છે.

આ સિવાય જિલ્લા પંચાયતની પાંચ બેઠકોની પેટાચૂંટણીની વાત કરવામાં આવે તો ભાજપ પાસે એક બેઠક હતી

**પ્લોટ વેચાણ આપવાનો છે**

૨૨૦૨ ચો.વા., N.A. (મલ્ટીપરપઝ) થયેલ, ટાઈટલ ક્લીયર, પઝેશન સાથે
● T.P.માં R-4 ઝોન, સાત માળ સુધી બનાવી શકાય, બંને બાજુ ૨૪ મીટર રોડ ટચ
ગાંધીનગરમાં પ્રાઈમ લોકેશન
Mo. 90168 72718

# વરસાદના અભાવે વનતંત્રએ હજુ નવા રોપાઓની વાવણી શરૂ કરી નથી

ગાંધીનગર તા ૨૩

વરસાદના વિરહ વચ્ચે નગરજનો ગરમીથી ત્રસ્ત છે. જુલાઈના અંતે પણ વાવણી લાયક સાથે સૌ કોઈ મેહુલિયાની વાટે છે. બીજીતરફ શહેર તેમજ જિલ્લામાં વનતંત્ર દ્વારા પ્રતિવર્ષ કરવામાં આવતા વાવેતર સામે પણ પ્રશ્ન

**વરસાદ વિના રોપાઓને સુકારો થવાનો ભય નર્સરી કક્ષાએથી વિવિધ સંસ્થાઓને રોપા વિતરણ કરવામાં આવી રહ્યુ છે : નવા રોપાઓની વાવણી માટે વનતંત્ર વાવણીલાયક વરસાદની વાટે : વરસાદ અદ્રશ્ય રહેતા નગરની હરિયાળી સામે પણ ખતારો**

વરસાદ ન થતા ખેડતોમાં પણ ચિંતાના વાદળો ઘેરાયા છે. મેઘરાજાને મનાવા પ્રાર્થના તેમજ યજ્ઞનુ આયોજન કરવામાં આવી રહ્યુ છે. મેઘરાજા હવે ગાંધીનગર પર કૃપાદ્રષ્ટી વરસાવે તેવી આશ મંડરાયો છે. વરસાદની ગેરહાજરી વચ્ચે નવા રોપાઓની વાવણી કરવાનુ શક્ય નથી. જયારે વનતંત્ર દ્વારા હજુ સુધી વાવેતર શરૂ પણ કરાયુ નથી. વરસાદના અભાવે વાવેતરને જીવંત રાખવાનુ પણ મુશ્કેલ બને છે. જયારે હાલ આ સ્થિતિને ધ્યાને લઈ વનતંત્રએ

● અનુસંધાન પાન-૭ પર

**શ્રી કાંઠા જિલ્લા મોદી સમાજ બેસણું**



મારા ધર્મપત્ની **રંજનબેન હર્ષદભાઈ મોદી (ગાંધીનગર)** તા.૨૨-૭-૧૯ ને સોમવારના રોજ અક્ષરનિવાસી પામેલ છે.
**સદ્દગતનું બેસણું તા.૨૫-૭-૨૦૧૯ ને ગુરૂવારના રોજ બપોરે ૧ થી ૪ દરમિયાન** નીચેના સ્થળે રાખેલ છે.
સ્થળ :- શ્રી મોઢેશ્વરી મોદી સમાજ સંકુલ, પેથાપુર-રાંધેજા રોડ, તા.જી.ગાંધીનગર

મફતલાલ અમથાલાલ મોદી
હર્ષદભાઈ મફતલાલ મોદી — ચિંતન હર્ષદભાઈ મોદી
પંકજભાઈ મફતલાલ મોદી — દર્શન પંકજભાઈ મોદી
ફર્મ : જનતા મેડીકલ સ્ટોર્સ - હોટલાઈન કન્સલટન્સી, સેક્ટર-૨૧
પિયરપક્ષાનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે
સ્વ.ચંદુલાલ મુલચંદદાસ મહેતા તથા પરિવાર (મુંબઈ)
વિક્રમભાઈ - હિતેન્દ્રભાઈ - મૌલિક

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ** ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com